ચેન્નાઈ સુપરકિંગ્સ | ગુજરાત ટાઈટન્સ | લખનઉ સુપર જાયન્સ | પંજાબ કિંગ્સ | રાજસ્થાન રોયલ્સ | કોલકત્તા નાઈટરાઈડર્સ | દિલ્હી કેપીટલ્સ | સનરાઈઝ હૈદ્રાબાદ | મુંબઈ ઈન્ડિયન્સ | રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ



IPL 2026 આજની મેચ

KKR Vs RR — સમય: સાંજે 3:30 વાગ્યે — સ્થળ: કોલકાતા

PBKS Vs LSG — સમય: સાંજે 7:30 વાગ્યે — સ્થળ: ન્યુ ચંદિગઢ

ટીમ	મેચ	જીત	હાર	રદ	પોઈન્ટ	નેટ રન
PBKS	5	4	0	1	9	1.067
RCB	6	4	2	0	8	1.171
RR	5	4	1	0	8	0.889
DC	5	3	2	0	6	0.310
GT	5	3	2	0	6	0.018
SRH	5	2	3	0	4	0.576
LSG	5	2	3	0	4	-0.804
CSK	5	2	3	0	4	-0.846
MI	5	1	4	0	2	-1.076
KKR	6	0	5	1	1	-1.149

દિલ્હી કેપિટલ્સે બેંગલુરુને 6 વિકેટે હરાવ્યું

આરસીબીએ આપેલા 176 રનના લક્ષ્યાંકને દિલ્હીએ છેલ્લી ઓવરમાં મેળવ્યો

કોહલી મોટો સ્કોર ન કરી શક્યો

છેલ્લી ઓવરમાં મિલરના બે છગ્ગાએ બાજી પલટી

બેંગ્લુરુ, તા. 18 (પીટીઆઈ): ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં શનિવારે રમાયેલી રોમાંચક મેચમાં ડેવિડ મિલરના અંતિમ ઓવરના પરાક્રમની મદદથી દિલ્હી કેપિટલ્સે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ને 6 વિકેટે પરાજય આપ્યો છે.

176 રનના લક્ષ્યાંકનો પીછો કરતા દિલ્હીની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી અને માત્ર 18 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી હતી. ભુવનેશ્વર કુમારે (3/26) શાનદાર સ્વિંગ બોલિંગ દ્વારા દિલ્હીના ટોપ ઓર્ડરને વેરવિખેર કરી નાખ્યું હતું. મુશ્કેલ સમયમાં કે.એલ. રાહુલે (57 રન) અને ટ્રિસ્ટન સ્ટબ્સે (60* રન) બાજી સંભાળી હતી. રાહુલે ક્લાસિક બેટિંગ કરતા જોશ હેઝલવુડ સામે આક્રમક શોટ્સ ફટકાર્યા હતા. આ બંનેએ ચોથી વિકેટ માટે 69 રન ઉમેર્યા હતા. અંતિમ ઓવરમાં દિલ્હીને જીતવા માટે 15 રનની જરૂર હતી, ત્યારે 'કિલર' ડેવિડ મિલરે (22* રન) રોમારિયો શેફર્ડની ઓવરમાં 2 ગગનચુંબી સિક્સર ફટકારી ટીમને 1 બોલ બાકી રહેતા જીત અપાવી હતી. આ જીત સાથે દિલ્હીએ સતત 2 હારનો સિલસિલો તોડ્યો છે.

અગાઉ બેટિંગ કરતા આરસીબીએ ફિલ સોલ્ટના 63 રનની મદદથી 8 વિકેટે 175 રન બનાવ્યા હતા. વિરાટ કોહલી (19 રન) મોટી ઈનિંગ રમી શક્યો નહોતો. અક્ષર પટેલ (2/18) અને કુલદીપ યાદવે (2/32) મધ્ય ઓવરોમાં શિસ્તબદ્ધ બોલિંગ કરીને આરસીબીના બેટરોને અંકુશમાં રાખ્યા હતા, જેના કારણે ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમ આ સીઝનમાં પ્રથમ વખત 200 રનથી ઓછા સ્કોર પર અટકી ગઈ હતી.

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ	રન	બોલ	4	6
સોલ્ટ કો સ્ટબ્સ બો કુલદીપ	63	38	4	3
કોહલી કો નિસાંકા બો એનગીડી	19	13	3	0
દેવદત્ત કો મિલર બો અક્ષર	18	13	1	1
પાટીદાર કો રાહુલ બો મુકેશ	8	4	0	1
ટીમ કો નટરાજન બો અક્ષર	26	17	3	1
જિતેશ કો મિર બો એનગીડી	14	20	1	0
રોમારિયો એલબી બો કુલદીપ	1	4	0	0
કૃણાલ પંડ્યા રન આઉટ	12	10	0	1
રસિખ સલામ અણનમ	0	0	0	0
ભુવનેશ્વર કુમાર અણનમ	3	2	0	0
વધારાના	11			
કુલ 20 ઓવરમાં 8 વિકેટે 175 રન				

વિકેટ પતન: 1-52, 2-99, 3-105, 4-131, 5-146, 6-149, 7-172, 8-172

બોલિંગ	O	M	R	W
આકિબ નબી	3	0	36	0
મુકેશ કુમાર	4	0	32	1
લુંગી એનગીડી	4	0	39	2
કુલદીપ યાદવ	4	0	32	2
ટી નટરાજન	2	0	16	0
અક્ષર પટેલ	3	0	18	2

દિલ્હી કેપિટલ્સ	રન	બોલ	4	6
પથુમ એલબી બો કુમાર	1	2	0	0
રાહુલ કો કોહલી બો પંડ્યા	57	34	6	2
કરૂણ કો સોલ્ટ બો કુમાર	5	5	1	0
રીઝવી કો શર્મા બો કુમાર	2	3	0	0
ટ્રીસ્ટન સ્ટબ્સ અણનમ	60	47	4	1
અક્ષર રીટાયર હર્ટ	26	19	3	0
ડેવિડ મિલર અણનમ	22	10	1	2
વધારાના	6			
કુલ 19.5 ઓવરમાં 4 વિકેટે 179 રન				

વિકેટ પતન: 1-2, 2-16, 3-18, 4-87, 4-134*

બોલિંગ	O	M	R	W
ભુવનેશ્વર કુમાર	4	0	26	3
જોશ હેઝલવુજ	4	0	38	0
રસિખ સલામ	4	0	40	0
કૃણાલ પંડ્યા	4	0	24	1
સુયશ શર્મા	3	0	31	0
રોમારિયો શેફર્ડ	0.5	0	17	0

હૈદરાબાદે ચેન્નાઈ સામે 195 રનનો લક્ષ્યાંક મુક્યો

અભષેક શર્માએ માત્ર 15 બોલમાં અડધી સદી ફટકારી

હૈદરાબાદ, તા. 18 (પીટીઆઈ): હૈદરાબાદમાં રમાયેલી IPL મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સના (CSK) ફાસ્ટ બોલરોએ શાનદાર પ્રદર્શન કરીને સનરાઈઝર્સ હૈદરાબાદને (SRH) 194 રનના સ્કોર પર રોકી દીધું હતું.

ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો કેપ્ટન ઋતુરાજ ગાયકવાડનો નિર્ણય શરૂઆતમાં ખોટો લાગતો હતો, કારણ કે અભિષેક શર્માએ માત્ર 15 બોલમાં અડધી સદી ફટકારીને તોફાની શરૂઆત કરી હતી. અભિષેકે 22 બોલમાં 59 રન બનાવ્યા હતા, પરંતુ તેની વિકેટ પડતા જ હૈદરાબાદની બેટિંગ લાઈનઅપ ખોરવાઈ ગઈ હતી.

પાવરપ્લેની છેલ્લી બે ઓવરમાં મુકેશ ચૌધરીએ (2/21) તરખાટ મચાવ્યો હતો. તેણે ટ્રેવિસ હેડને 23 રને અને કેપ્ટન ઈશાન કિશનને 0 રને આઉટ કરીને હૈદરાબાદને બે મોટા ઝટકા આપ્યા હતા. એક સમયે 5.4 ઓવરમાં 75 રને કોઈ વિકેટ નહોતી, પરંતુ 6 ઓવરના અંતે સ્કોર 75 રન પર 2 વિકેટ થઈ ગયો હતો. મધ્ય ઓવરોમાં જેમી ઓવરટન (3/37) અને અંશુલ કંબોજે (3/22) કસીને બોલિંગ કરી હતી, જેના કારણે યજમાન ટીમ મોટા સ્કોર તરફ આગળ વધી શકી નહોતી.

હેનરિક ક્લાસેને 39 બોલમાં 59 રન બનાવીને હૈદરાબાદને 200 રનની નજીક પહોંચાડ્યું હતું, પરંતુ બીજા છેડેથી તેને કોઈ મજબૂત સાથ મળ્યો નહોતો. નીતિશ રેડ્ડી 12 રન અને અનિકેત વર્મા જેવા બેટર્સ રન ગતિ વધારવામાં નિષ્ફળ રહ્યા હતા. અંશુલ કંબોજે સચોટ વાઈડ યોર્કર ફેંકીને ક્લાસેનને આઉટ કર્યો હતો. અંતિમ 5 ઓવરમાં હૈદરાબાદ માત્ર 40 રન જ બનાવી શક્યું હતું અને 20 ઓવરના અંતે 9 વિકેટે 194 રન સુધી મર્યાદિત રહ્યું હતું. ગુરજપનીત સિંઘે (1/34) પણ 12 ડોટ બોલ નાખીને હૈદરાબાદ પર દબાણ વધાર્યું હતું.

સનરાઈઝર્સ હૈદરાબાદ	રન	બોલ	4	6
અભિષેક કો સેમસન બો ઓવરટન	59	22	6	4
હેડ કો ગાયકવાડ બો મુકેશ	23	20	3	1
ઈશાન કો ગાયકવાડ બો મુકેશ	0	1	0	0
ક્લાસેન બો કંબોજ	59	39	6	2
અમિકેત કો નૂર બો ઓવરટન	2	4	0	0
નીતીશ કો શોર્ટ બો ઓવરટન	12	8	0	1
સલીલ કો બ્રેવીસ બો ગુરરપનીત	13	12	2	0
લિવિંગટોન કો બ્રેવિસ બો કંબોજ	1	5	0	0
શિવાંગ કો ગુરજપનીત બો કંબોજ	12	8	1	1
પ્રફુલ હિંગે અણનમ	0	1	0	0
વધારાના	13			
20 ઓવરમાં 9 વિકેટે 194 રન				

વિકેટ પતન: 1-75, 2-75, 3-93, 4-112, 5-147, 6-177, 7-179, 8-193, 9-194

બોલિંગ	O	M	R	W
મેથ્યુ શોર્ટ	3	0	38	0
મુકેશ ચૌધરી	2	0	21	2
અંશુલ કંબોજ	3	0	22	3
નૂર અહેમદ	4	0	33	0
જેમી ઓવરટન	4	0	37	3
ગુરજપનીત સિંહ	4	0	34	1

લખનૌ સુપર જાયંટ્સ સામે પંજાબ કિંગ્સનો કપરો પડકાર

અય્યરના નેતૃત્વવાળી પંજાબની ટીમ અજેય દેખાઈ રહી છે

આજની મેચમાં ઈજાગ્રસ્ત ઋષભ પંતની ઉપલબ્ધતા અંગે શંકા

મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી



મુલ્લાનપુર, તા. 18 (પીટીઆઈ): આઈપીએલ 2026માં અત્યાર સુધી અજેય રહેલી પંજાબ કિંગ્સ (PBKS) રવિવારે ઘરઆંગણે લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) સામે ટકરાશે. શ્રેયસ અય્યરના નેતૃત્વમાં પંજાબની ટીમ 5 માંથી 4 મેચ જીતીને પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. બીજી બાજુ, લખનૌની ટીમ સતત બે હાર અને કેપ્ટન ઋષભ પંતની કોણીની ઈજાને કારણે મુશ્કેલીમાં મુકાઈ છે.

પંજાબ કિંગ્સની સફળતાનું મુખ્ય કારણ તેમનું મજબૂત બેટિંગ લાઈનઅપ છે. ઓપનર પ્રભસિમરન સિંહે અત્યાર સુધી કુલ 211 રન અને કેપ્ટન શ્રેયસ અય્યરે 203 રન બનાવીને શાનદાર ફોર્મ બતાવ્યું છે. પંજાબની ટીમ આ સીઝનમાં 2 વખત 200 રનનો આંકડો વટાવી ચૂકી છે. બોલિંગમાં અર્શદીપ સિંહે 3/22 ના સ્પેલ સાથે લય પાછી મેળવી છે, જે લખનૌ માટે મોટો ખતરો સાબિત થઈ શકે છે.

પોઈન્ટ ટેબલમાં 7મા ક્રમે રહેલી લખનૌની ટીમ હજુ સુધી આ સીઝનમાં એક પણ વાર 200 રન બનાવી શકી નથી. આરસીબી સામેની મેચમાં ઋષભ પંત ઈજાગ્રસ્ત થયો હતો, જેના કારણે રવિવારની મેચમાં તેની ઉપલબ્ધતા અંગે શંકા છે. મિશેલ માર્શ, એડન માર્કરામ અને નિકોલસ પૂરન જેવા મોટા નામો હજુ અપેક્ષા મુજબનું પ્રદર્શન કરી શક્યા નથી. બોલિંગમાં પ્રિન્સ યાદવે સૌથી વધુ 9 વિકેટ લીધી છે, પરંતુ મોહમ્મદ શમી અને દિગ્વેશ રાઠી ગત મેચમાં ઘણા મોંઘા સાબિત થયા હતા.

લોરિયસ સ્પોર્ટ્સ એવોર્ડ્સ: જોકોવિચ સંયુક્ત રીતે કરશે હોસ્ટ

શું ભારતીય મહિલા ક્રિકેટ ટીમ રચશે ઇતિહાસ?

ભારતીય ટીમ લોરિયસમાં નોમિનેટ થનારી વિશ્વની પ્રથમ મહિલા ક્રિકેટ ટીમ બની

નવી દિલ્હી, તા. 18: રમતજગતના 'ઓસ્કાર' ગણાતા પ્રતિષ્ઠિત લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ્સ 2026ની જાહેરાત થઈ ચૂકી છે. આ વખતે આ ભવ્ય સમારોહનું આયોજન 20 એપ્રિલે મેડ્રિડના પેલેસિયો ડી સિબેલેસ ખાતે થશે. આ એવોર્ડ શોની સૌથી મોટી વિશેષતા એ છે કે ટેનિસ દિગ્ગજ નોવાક જોકોવિચ અને ફ્રીસ્ટાઈલ સ્કીઈંગ સ્ટાર આઈલીન ગુ સંયુક્ત રીતે આ શોને હોસ્ટ કરશે. ઈતિહાસમાં પ્રથમ વખત બે સક્રિય ખેલાડીઓ આ જવાબદારી નિભાવી રહ્યા છે.

ભારતીય ચાહકો માટે સૌથી ગૌરવની વાત એ છે કે ભારતીય મહિલા ક્રિકેટ ટીમ 'વર્લ્ડ ટીમ ઓફ ધ યર' કેટેગરીમાં નોમિનેટ થઈ છે. નવેમ્બર 2025માં ઓસ્ટ્રેલિયા સામે 339 રનનો રેકોર્ડબ્રેક સ્કોર ચેઝ કરીને પ્રથમ વખત ICC વર્લ્ડકપ જીતનારી આ ટીમ, લોરિયસમાં નોમિનેટ થનારી વિશ્વની પ્રથમ મહિલા ક્રિકેટ ટીમ બની છે. BCCI પ્રમુખ મિથુન મન્હાસે તેને ભારતીય ક્રિકેટ માટે અત્યંત ગર્વની ક્ષણ ગણાવી છે. ભારતીય ટીમનો મુકાબલો વિશ્વની દિગ્ગજ ટીમો સાથે છે, જેમાં મહિલા અને પુરુષ બંને ટીમો સામેલ હોય છે. આ એવોર્ડ્સના વિજેતાઓની પસંદગી લોરિયસ એકેડમીના 69 દિગ્ગજ ખેલાડીઓ દ્વારા કરવામાં આવશે. આ પુરસ્કારોમાં વિશ્વની શ્રેષ્ઠ ટીમ, શ્રેષ્ઠ પુરુષ રમતવીર, શ્રેષ્ઠ મહિલા રમતવીર, ઉભરતી ટીમ અને ખેલાડી ઉપરાંત બીજા વર્ગમાં પણ પુરસ્કારો અપાય છે.

લોરિયસ વર્લ્ડ ટીમ ઓફ ધ યર 2026 - નોમિનેશન લિસ્ટ:

1. ભારતીય મહિલા રાષ્ટ્રીય ક્રિકેટ ટીમ
2. પેરિસ સેન્ટ-જર્મન (PSG) - પુરુષ ફૂટબોલ ટીમ
3. મેકલેરેન - ફોર્મ્યુલા વન (પુરુષ)
4. ઈંગ્લેન્ડ મહિલા રાષ્ટ્રીય ફૂટબોલ ટીમ
5. ઓકલાહોમા સિટી થંડર - પુરુષ બાસ્કેટબોલ ટીમ
6. રાઈડર કપ ટીમ યુરોપ - પુરુષ ગોલ્ફ ટીમ

આ યાદીમાં આપણી મહિલા ક્રિકેટ ટીમનું હોવું એ દરેક ભારતીય માટે ગર્વની વાત છે!

વિરાટ કોહલીના 'લાઈક-અનલાઈક' પર જર્મન ઈન્ફ્લુએન્સરનો ખુલાસો

મને વિરાટ માટે દુઃખ થાય છે, નાની વાતને મોટો મુદ્દો બનાવી દેવાયો: લિઝલાજ

જર્મન મોડેલ લિઝલાજ પણ વિરાટની ફેન નીકળી

નવી દિલ્હી, તા. 18: વિરાટ કોહલી અને તેના ઈન્સ્ટાગ્રામ અલ્ગોરિધમનો કિસ્સો હવે એક નવો વળાંક લઈ ચૂક્યો છે. જે જર્મન ઈન્ફ્લુએન્સર લિઝલાજનો ફોટો લાઈક કરવા બદલ સોશિયલ મીડિયા પર રમૂજી મીમ્સ બન્યા હતા, હવે તેણે પોતે સામે આવીને આ અંગે પ્રતિક્રિયા આપી છે.

લિઝલાજે જણાવ્યું કે, જ્યારે હું સવારે જાગી ત્યારે મેં જોયું કે હું દરેક જગ્યાએ સમાચારોમાં હતી. વિરાટે ફોટો લાઈક કરીને બાદમાં તેને અનલાઈક કર્યો હતો મને ખરેખર તેના માટે થોડું દુઃખ થાય છે. મને સમજાતું નથી કે લોકો આટલી નાની વાતને કેવી રીતે નોટિસ કરી લે છે અને તેને આટલા મોટા સમાચાર બનાવી દે છે. જોકે વિરાટે પોસ્ટ લાઈક કરી તે બદલ હું તેમની આભારી છું.'

લિઝલાજે ખુલાસો કર્યો કે તે પોતે વિરાટ કોહલીની મોટી પ્રશંસક છે. તેણે જણાવ્યું જર્મનીમાં માત્ર ફૂટબોલનું વર્ચસ્વ છે. પરંતુ 2025માં જ્યારે તે ભારત પ્રવાસે આવી, ત્યારે બેંગલુરુના મિત્રોએ તેને ક્રિકેટ અને IPLથી પરિચિત કરાવી હતી. RCBને સપોર્ટ કરતા વિરાટ કોહલીને રમતા જોવો એ તેના માટે રોમાંચક અનુભવ હતો. સોશિયલ મીડિયા પર ચાહકો હજુ પણ વિરાટના જૂના 'અલ્ગોરિધમ' વાળા નિવેદનની મજા લઈ રહ્યા છે. અગાઉ અવનીત કૌરની ફોટો લાઈક થવા પર વિરાટે સફાઈ આપી હતી કે ફીડ ક્લિયર કરતી વખતે ભૂલથી આવું થયું હતું. ચાહકોનું માનવું છે કે કદાચ આવા વિવાદથી બચવા માટે જ વિરાટે લિઝલાજની ફોટો પણ અનલાઈક કરી દીધી હશે, પરંતુ ત્યાં સુધીમાં તો ઈન્ટરનેટ પર આ વાત વાયરલ થઈ ચૂકી હતી.

રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા વચ્ચે જીત માટે સંઘર્ષ

કોલકાતા ઈડન ગાર્ડન્સના મેદાન પર ઘરના પ્રેક્ષકો સામે પ્રથમ જીત મેળવવા આતુર

હૈદરાબાદ સામે હાર બાદ રાજસ્થાન આજની મેચમાં ફરી લય મેળવવા માગશે મેચ બપોરે 3.30 વાગ્યે શરૂ થશે



કોલકાતા, તા. 18 (પીટીઆઈ): હૈદરાબાદ સામે હારનો સ્વાદ ચાખ્યા બાદ રાજસ્થાન રોયલ્સ (RR) આઈપીએલ 2026ની રવિવારની બપોરની મેચમાં ફરી લય મેળવવા મેદાને ઉતરશે. બીજી બાજુ, સતત હારનો સામનો કરી રહેલી કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ઘરઆંગણે પ્રથમ જીતની શોધમાં છે. રાજસ્થાનની ટીમે સીઝનની શરૂઆતમાં સતત 4 જીત મેળવી હતી, જ્યારે અજિંક્ય રહાણેના નેતૃત્વમાં કોલકાતાની ટીમ 6 મેચ રમી હોવા છતાં હજુ સુધી એક પણ જીત નોંધાવી શકી નથી.

કોલકાતાની ટીમમાં મેનેજમેન્ટ અને કેપ્ટન રહાણેના નિર્ણયો પર સવાલો ઉઠી રહ્યા છે. વરુણ ચક્રવર્તી જેવા મુખ્ય સ્પિનરનો પાવરપ્લેમાં ઉપયોગ અને રચિન રવીન્દ્ર જેવા સ્ટાર ખેલાડીને બેન્ચ પર બેસાડવાના નિર્ણયની ટીકા થઈ રહી છે. ટીમ પાસે હર્ષિત રાણા અને આકાશ દીપ જેવા ફાસ્ટ બોલરોની ખોટ છે, જેના કારણે ડેથ ઓવરોમાં મુશ્કેલી પડી રહી છે. જોકે, વરુણ ચક્રવર્તીનું ફોર્મમાં આવવું અને કેમેરોન ગ્રીનની 79 રનની ઈનિંગ કોલકાતા માટે આશાનું કિરણ છે.

રાજસ્થાન રોયલ્સની વાત કરીએ તો, ગત મેચમાં તેમનો ટોપ ઓર્ડર સંપૂર્ણ નિષ્ફળ રહ્યો હતો. યશસ્વી જયસ્વાલ, વૈભવ સૂર્યવંશી અને રિયાન પરાગ જેવા ખેલાડીઓ સિંગલ ડિજિટ સ્કોર પર આઉટ થયા હતા.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

આમલકી રસાયન

પૂજ્ય બાપાજીની રીત જુઓ. સારા પરિપક્વ આમળા સ્ટીલની છરીથી છોલી લીંબુના રસમાં ઉછાળી, કપડા પર પાથરી સૂકવી લો. તેનું ચૂર્ણ કરો. પાકા આમળા દૂધની વરાળથી ઢોકળા જેમ બાફી, ઠળિયાં કાઢી કપડાં પર સૂકવી લો.

ચૂર્ણ કરવું. આ ચૂર્ણને સ્ટેનલેસ સ્ટીલની ખરલમાં લઇ ઉપર તાજા આમળાનો રસ ઉમેરતાં જઇ ખરલ કરતા રહો . સુકાવા આવે એટલે નવો રસ ઉમેરતાં રહેવું. બને તેટલી વધુ રસની ભાવના આપી છેવટે સૂકવી લેવું. નવજીવન આપનાર આ રસાયણ રોજ એક એક ગ્રામ સવાર સાંજ દૂધ અથવા મધ સાથે લેવાથી શક્તિદાયક વાજીકરણ છે.

અનુસંધાન... પાના પહેલાનું

અમેરિકા દ્વારા...

પ્રમાણપત્રો આપશે અને ટોલ વસૂલશે. પરિષદે ઉમેર્યું હતું કે તે અમેરિકાના નૌકાદળના નાકાબંધીને યુદ્ધવિરામનું ઉલ્લંઘન માને છે, અને જ્યાં સુધી તે હટાવવામાં નહીં આવે ત્યાં સુધી હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવામાં આવશે નહીં. દરમિયાન, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાન સાથે અમેરિકાની વાતચીત સારી રીતે ચાલી રહી છે અને તેઓ દિવસના અંત સુધીમાં વધુ માહિતી મળવાની અપેક્ષા રાખે છે.

ટોય કારનો ઉપયોગ...

માટે ભીડભાડવાળા જાહેર સ્થળો અને પ્રતીકાત્મક સીમાચિહ્નોને નિશાન બનાવવાનો હતો. અધિકારીએ જણાવ્યું કે, ચારેય આરોપીઓ - મોસૈબ અહમદ, મોહમ્મદ હમ્માદ, મોહમ્મદ સોહેલ અને શેખ ઈમરાન - સામાન્ય સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિ ધરાવે છે. ગુનો નોંધવામાં આવ્યો છે અને તેમના સાથીદારો, હેન્ડલર્સ અને વ્યાપક નેટવર્કની ઓળખ કરવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

રોબોટનો 8 કલાકનો...

પણ તેમાં હાઈ-પ્રિસિઝન ટોર્ક સેન્સર્સ છે, જેનાથી તે વસ્તુને 'ફીલ' કરી શકે છે અને જો કોઈ વસ્તુ આડી-અવળી હોય તો જાતે જ પોતાની પકડ સુધારી લે છે.

પરંપરાગત રોબોટ્સ કરતા કેવી રીતે અલગ?

સામાન્ય રીતે ફેક્ટરીઓમાં વપરાતા રોબોટ્સ ચોક્કસ હલચલ માટે પ્રોગ્રામ કરેલા હોય છે. જો પ્રોડક્ટનું મોડેલ બદલાય તો તેને ફરીથી સેટ કરવામાં દિવસો નીકળી જાય છે. પરંતુ Embodied AI (શરીર ધરાવતી કૃત્રિમ બુદ્ધિ) ટેકનોલોજી ધરાવતા આ રોબોટને નવું મોડેલ શીખવાડવા માટે માત્ર 4 કલાકની ટ્રેનિંગ પૂરતી છે.

ભવિષ્યનું આયોજન

ચીન સરકારના 'AI પ્લસ મેન્યુફેક્ચરિંગ' પ્લાન હેઠળ, 2026ના ત્રીજા ક્વાર્ટર સુધીમાં આવા 100 રોબોટ્સને પ્રોડક્શનમાં ઉતારવામાં આવશે. માત્ર ઈલેક્ટ્રોનિક્સ જ નહીં, પણ હવે ઓટોમોબાઈલ અને સેમિકન્ડક્ટર સેક્ટરમાં પણ આ હ્યુમનોઈડ રોબોટ્સ માણસોની સાથે ખભેખભા મિલાવીને કામ કરતા જોવા મળશે.

ભારત-રશિયા...

સૈન્ય કર્મચારીઓને તૈનાત કરવાના કરારને ઔપચારિક રૂપ આપ્યું છે. 'રશિયા ટુડે'ના અહેવાલ મુજબ, સૈનિકોની સાથે આ સમજૂતી જહાજો અને વિમાનોને પણ એકબીજાના પ્રદેશમાં તૈનાત કરવાની મંજૂરી આપે છે. આ કરાર, જે સંયુક્ત સૈન્ય અભ્યાસ, તાલીમ અને માનવીય મિશનને પણ આવરી લે છે, તે 'રેસિપ્રોકલ એક્સચેન્જ ઓફ લોજિસ્ટિક્સ એગ્રીમેન્ટ' (RELOS) સાથે સંબંધિત છે. તેમની તાજેતરની ભારત મુલાકાત પહેલા, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને મોસ્કો અને નવી દિલ્હી વચ્ચેના આંતર-સરકારી કરારને બહાલી આપતા કાયદા પર હસ્તાક્ષર કર્યા હતા, જેનો હેતુ સૈન્ય ટુકડીઓની તૈનાતી, બંદરો પર યુદ્ધ જહાજોના લાંગરવા (ડૉકિંગ) અને બંને દેશોના સૈન્ય વિમાનો દ્વારા હવાઈ ક્ષેત્ર તેમજ એરફિલ્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ઉપયોગ માટે એક માળખું સ્થાપિત કરવાનો છે. તે પરસ્પર સંમતિથી નક્કી કરાયેલા સંયુક્ત અભ્યાસ, તાલીમ, માનવીય સહાય, આપત્તિ રાહત અને અન્ય પ્રવૃત્તિઓ દરમિયાન સૈન્ય ટુકડીઓ માટે લોજિસ્ટિક સપોર્ટ (સામગ્રી અને સુવિધા સંબંધિત સહાય)ને પણ આવરી લે છે. રશિયન કાનૂની વેબસાઈટ પર પ્રકાશિત સત્તાવાર દસ્તાવેજ મુજબ, આ સમજૂતી ગાઢ સંરક્ષણ સંબંધોને મજબૂત બનાવશે અને બંને દેશોના સશસ્ત્ર દળો વચ્ચે વધુ સરળ કાર્યકારી સહયોગની સુવિધા પૂરી પાડશે.

ઇરાને હોર્મુઝનો જળમાર્ગ...

સ્પષ્ટ કર્યું હતું કે જ્યાં સુધી કોઈ કરાર ન થાય ત્યાં સુધી અમેરિકાની નાકેબંધી ચાલુ રહેશે. ટ્રમ્પના આ વલણ સામે ઈરાની અધિકારીઓએ આકરો વિરોધ નોંધાવ્યો હતો અને સામુદ્રધુની ફરી બંધ કરી દીધી હતી.

નવા કરાર માટે પાકિસ્તાનના પ્રયાસો જારી

સમુદ્રધુની પર સર્જાયેલી નવી મડાગાંઠના થોડા કલાકો બાદ, પાકિસ્તાની વિદેશ મંત્રી ઈશાક ડારે અંતાલ્યામાં આયોજિત ફોરમમાં જણાવ્યું હતું કે તેમના દેશના રાજદ્વારીઓ અમેરિકા અને ઈરાન વચ્ચેના મતભેદોને દૂર કરવા માટે સેતુ સમાન કામ કરી રહ્યા છે.

પાકિસ્તાની અધિકારીઓ વરિષ્ઠ પક્ષકારો સાથે વાતચીત કરવા માટે વિવિધ સ્થળોએ પહોંચી રહ્યા છે. પાકિસ્તાનના આર્મી ચીફ તેહરાનમાં ઈરાની વરિષ્ઠ અધિકારીઓને મળ્યા હતા, જ્યારે તેના વડાપ્રધાને અંતાલ્યામાં તુર્કીના રાષ્ટ્રપતિ અને કતારના અમીર સાથે વાતચીત કરી હતી. પાકિસ્તાન આવતા અઠવાડિયાની શરૂઆતમાં ઈરાન અને અમેરિકા વચ્ચે બીજા રાઉન્ડની વાટાઘાટોની યજમાની કરે તેવી અપેક્ષા છે. પરંતુ ખતીબઝાદેહે જણાવ્યું હતું કે ઈરાનીઓ અમેરિકા સાથે રૂબરૂ મંત્રણાના નવા રાઉન્ડ માટે તૈયાર નથી, કારણ કે અમેરિકનોએ તેમની મહત્તમવાદી સ્થિતિ છોડી નથી. મણે એમ પણ કહ્યું કે ઈરાન તેના 970 પાઉન્ડ (440 કિલોગ્રામ) સંવર્ધિત યુરેનિયમનો જથ્થો અમેરિકાને સોંપશે નહીં, અને આ વિચારને તેમણે નિરર્થક ગણાવ્યો હતો.

લેબેનોન યુદ્ધ વિરામ કેટલો ટકે તે સામે પ્રશ્નાર્થ

ફ્રેન્ચ પ્રમુખ મેક્રોને જણાવ્યું હતું કે શનિવારે સવારે દક્ષિણ લેબનોનમાં સંયુક્ત રાષ્ટ્ર (UN)ના શાંતિ રક્ષકો પર થયેલા હુમલા દરમિયાન એક ફ્રેન્ચ સૈનિકનું મોત થયું હતું અને અન્ય ત્રણ ઘાયલ થયા હતા. મેક્રોને સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, તમામ સંકેતો સૂચવે છે કે આ હુમલાની જવાબદારી હિઝબુલ્લાહની છે. જો કે આ સંગઠન તરફથી આ બાબતે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. આ અઠવાડિયે લેબનોનમાં યુદ્ધવિરામની જાહેરાતને ઈરાન સાથેના કરારના પ્રયાસો માટે પ્રોત્સાહન તરીકે જોવામાં આવી હતી. તેમ છતાં, તે અસ્પષ્ટ હતું કે હિઝબુલ્લાહ તે યુદ્ધવિરામનું કેટલે અંશે પાલન કરશે જેની વાટાઘાટોમાં તેણે કોઈ ભૂમિકા ભજવી નથી.

નાકાબંધીમાં ૨૩ જહાજોને પાછા વાળ્યા: અમેરિકાનો દાવો

વોશિંગ્ટન: અમેરિકી સૈન્યનું કહેવું છે કે ઈરાની બંદરોની દરિયાઈ નાકેબંધીલાગુ કર્યા બાદ તેમણે હોર્મુઝની સામુદ્રધુની નજીકથી ૨૩ જહાજોને પાછા ફરવા માટે મજબૂર કર્યા છે. સેન્ટ્રલ કમાન્ડે 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, અમેરિકી દળો હજુ પણ ઈરાની બંદરો અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રવેશતા અથવા બહાર નીકળતા જહાજો વિરુદ્ધ નાકેબંધીનો અમલ કરી રહ્યા છે.

આજનું પંચાંગ

તા. 19/04/2026, રવિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે** : 1948 **વીર સંવત** : 2552 **માસ** : વૈશાખ **તિથિ**: સુદ બીજ : 10:51 પછી અખાત્રીજ **અયન** : ઉત્તરાયન **ઋતુ** : વસંત **રાષ્ટ્રિય દિનાંક** : ચૈત્ર: 29 **યોગ** : આયુષ્યમાન **કરણ**: તૈતિલ **નક્ષત્ર** : ભરણી:7:11 પછી કૃતિકાનો ક્ષય છે **રાશિ**: મેષ (અ.લ.ઇ.) 12:32 પછી વૃષભ (બ.વ.ઉ.) **દિવસ** : અશુભ - અક્ષયતૃતિયા-શ્રી બદરી કેદાર યાત્રા, પરશુરામ જયંતી-શ્રી બસવેશ્વર જયંતીકલ્પાદિ, શુક્ર વૃષભમાં 15:48થી **સુરતમાં સૂર્યોદય** : 06:18 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:57 **નવકારસી** : 07:06 **પારસી વર્ષ** : 1395 આદર માસનો 08મો રોજ **મુસલમાન વર્ષ** : 1447 જિલ્કાદ માસનો પ્રથમ રોજ **દિવસનાં ચોઘડિયાં**: ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ **રાત્રિનાં ચોઘડિયાં**: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ **રાહુ કાળ** : સવારે 16:30 થી 18:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): રોમેન્ટીક, ક્રિએટીવ અને રંગીન મુડ રહે. પ્રેમમાં રોમેન્ટીક મુલાકાત થાય. ખાણી-પીણી મોજ શોખના ધંધામાં લાભ.

વૃષભ (બ,વ,ઉ,): મોજ-શોખ પાછળ ખર્ચા વધશે. પ્રવાસમાં સાવધાન રહેવું. નવા ફેરફારથી બોજ વધશે.

મિથુન (ક,છ,ઘ,): નોકરીમાં પ્રમોશન થાય. ધંધામાં આવક વધે. મિત્રો સાથે મનોરંજન થાય.

કર્ક (ડ,હ,): નવા ફેરફારથી કામકાજનો બોજ ઓછો થાય. વિજાતિય મિત્રો સાથે ગેરસમજ પેદા થાય.

સિંહ (મ,ટ,): મિત્રો વગેરે સાથે ધાર્મિક પ્રવાસ થાય. નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. આવક વધે.

કન્યા (પ,ઠ,ણ,): આરોગ્ય નરમ રહે. ખર્ચા વધશે. વિદેશથી શુભ સમાચાર આવે. ધર્મકર્મ થાય.

તુલા (ર,ત,): ભાગીદારીથી લાભ થઇ શકે છે. સ્ત્રી મિત્રોથી સાવધાન. સમાજમાં સાવધાન રહેવું.

વૃશ્ચિક (ન,ય,): આરોગ્ય નરમ રહે. માનસિક અશાંતિ સતાવે. જીવન સાથી સાથે ઘર્ષણ થાય.

ધન (ભ,ધ,ફ,ઢ,): પ્રેમમાં સાથ મળે. રંગીન મુલાકાત થાય. સંતાન ચિંતા હળવી થાય. આવક કરતા ખર્ચા.

મકર (ખ,જ,): જમીન-મકાન વાહન બાબતે પ્રગતિ થાય. નોકરીમાં મદદ મળે. સંતાનોનાં કામ પાર પડે.

કુંભ (ગ,સ,શ,ષ,): પ્રવાસ, શિક્ષણ, દલાલી, ટ્યુશન વગેરે કામમાં લાભ થાય. આવક વધશે.

મીન (દ,ચ,ઝ,થ,): માર્કેટીંગ, ખાણી-પીણી, મોજશોખના ધંધામાં લાભ થાય. પ્રવાસમાં સાવધાન રહેવું.

કોઈ પણ સાલમાં 19 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહ અને નિરાશામાં પસાર થશે. આવક બાબતે ભીંસ વધે.ઉઘરાણીની ચિંતા રહે. આરોગ્ય નરમગરમ રહે. નોકરી-ધંધામાં હરીફો સતાવે. સમાજમાં સામાન્ય રહે. ટેકનોલોજી અને સરકારની નવી નીતિ પ્રમાણે કામ કરવું પડે. સરકારી કામ, કોર્ટ-કચેરીમાં વિલંબ થાય. નોકરી-ધંધા-વ્યવસાયમાં સ્થાનફેર અને નવા સોદા કે નવા વ્યવહાર બાબતે પ્રતિકૂળતા રહે. નવા ઘર, વાહન, મકાનનું કામ શરૂઆતમાં પાર પડશે. ઉંમરલાયકના વિવાહના ખર્ચા વધશે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને તક મળે. વારસા, જાયદાદ જમીન વગેરેમાં વિઘ્નો આવે. સંતાનોના કામ કેરીયર અભ્યાસમાં સામાન્ય રહે. મિત્રો-વડીલોની મદદ અવારનવાર મળતી રહેશે. યાત્રા-પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળે. જુલાઈ-ઓગસ્ટ, રવિ-સોમવાર, 01,10, 28 તારીખે નવા કામ કરતા રહેવું. સોનેરી, કથઇ ભૂરા રંગનો ઉપયોગ કરતાં રહેવું. નવેમ્બર-ડિસેમ્બર શુક્ર-શનિવાર, 07,16,25 તારીખે નવા કામ ટાળવાં. શ્યામ રંગનો ઉપયોગ ટાળવો.